// જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 10 •• January, 2005

F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com

## ભગવાનને ખાતર

# કહેવાતા મહાસંઘને તાળાં મારી દેશો?

'મને એક હથોડી આપોને...'

એક ગ્રાહકે હાર્ડવેરની એક મોટી દુકાન જોઈને કાઉન્ટર ઉપર બેઠેલા દુકાનદાર પાસે જઈને હથોડી માગી.

'હથોડી તો નથી.' દુકાનદારનો જવાબ.

'તો મને એક સ્ટોપર આપો.'

'સ્ટોપર પણ નથી.'

'તો એમ કરો, તમે મને એક ખીંટી આપો.'

'ખીંટીયે નથી.'

'કંઈ નહીં, મને એક હેન્ડલ આપી દો.'

'એ પણ નથી.'

કંઈક વિચારીને ગ્રાહકે પૂછ્યું : 'તમારી પાસે તાળું હશે?'

'હા, એ તો છે...'

'તો એક કામ કરો, દુકાનને તાળું મારીને ઘર ભેગા થઈ જાઓ.'

આ પ્રસંગ સૂચિત જૈન મહાસંઘ (અથવા એનું જે નામ રાખવાના હો તે)ના કાર્યકરોને અર્પણ કરતાં આનંદ(!)ની લાગણી અનુભવું છું.

સૂચિત મહાસંઘમાં ભેગા થયેલા શંભુમેળાને જોઈને જ ખબર પડી ગઈ હતી કે (પડદા પાછળ બેઠેલા કર્ણધારે) ભવિષ્યમાં જરૂર પડે ત્યારે આખા શાસનને હાઈજેક કરવા નીચી મૂંડી કરીને મત્તું મારી આપે એવા, કેવા કેવા નમૂનાઓને વીણી વીણીને ભેગા કર્યા છે.

ગામમાં કોઈ પૂછે નહીં ને હું વરની મા જેવા જાતે ને જાતે શ્રાવકરત્ન (જેમ કેટલાક લોકો જાતે ને જાતે રાષ્ટ્રસંત, શ્રુતસમુદ્ધારક, શાસનદિવાકર વગેરે વગેરે બની જાય તેમ જ)નું બિરુદ લેવા હાલી નીકળેલા અને 'શાસનની સેવા માટે' થનગન થનગન થઈ રહેલા અને ખરેખર શાસનની સેવાની જરૂરત ઊભી થાય ત્યારે એક પાપડના બે ટુકડા કરવાની તાકાત ન ધરાવતા અને શાસનના 'શ'નાયે જ્ઞાન વિનાના અને શાસનની મહત્ત્વની અને બિનમહત્ત્વની બાબતો અંગે તદ્દન અંગૂઠાછાપ (રિપિટ, શાસનની મહત્ત્વની અને બિનમહત્ત્વની બાબતો

અનુસંધાન ત્રીજા પાને

**મુનિ શ્રી મિત્રાનંદસાગરજી**

## માનનીય શ્રી શ્રેણિકભાઈ

# મારા પેલા પત્રનું શું થયું?

સુશ્રાવક શ્રી શ્રેણિકભાઈ,

હાર્દિક ધર્મલાભ સહ જણાવવાનું કે ગત નવેમ્બરમાં મેં તમને અને તમે જે સૂચિત જૈન મહાસંઘના ટ્રસ્ટબોર્ડના ચેરમેન છો તે સંસ્થાને પત્ર લખ્યો હતો. મેં એવું સાંભળ્યું હતું કે તમારા કાર્યાલયમાં જેનાં પત્રો આવતાં હોય તેને તત્કાલ ઉત્તર આપવાનો રિવાજ છે, પરંતુ તમારા તરફથી કે સૂચિત સંસ્થાના કોઈ પણ પદાધિકારી તરફથી પત્રનો ઉત્તર ન આવતાં મને વિમાસણ થઈ કે મારો પત્ર તમને કે તમારી સંસ્થાને મળ્યો હશે કે કેમ? પરંતુ પછીથી મેં જેમની સાથે પત્ર મોકલ્યો હતો તેમને પૂછીને ખાતરી કરી કે શું તમે મારો પત્ર ખરેખર સંસ્થામાં પહોંચાડ્યો હતો? તેમણે તે પત્ર તત્કાલ પહોંચાડ્યાનું કહેવાથી મારી એક વિમાસણ તો ટળી. પણ બીજી વિમાસણ થઈ કે, તો પછી મારા પત્રનો ઉત્તર કેમ નહીં આવ્યો હોય?

તે પછી જૈનશાસનમાં, તમારા જેવા સમર્થ આગેવાનોની હાજરી છતાં, જે કાળી ટીલીરૂપ મહાભયંકર કલંકિત દુર્ઘટના બનવાની હતી તેના છેક આગલા દિવસે મારી પાસે તે સંબંધી સામગ્રી મેળવાયા પછી પણ કોઈ જવાબ નહીં. આમ કેમ?

આમ તો મને એટલી તો ખબર પડે જ છે કે જે કાતિલાના દુર્ઘટનાને વીસ કલાકથીયે ઓછો સમય બાકી રહ્યો હોય એવા વખતે – સમજો ને કે છેલ્લી ઘડીએ – સંબંધિત સામગ્રી મારી પાસેથી મેળવીને થઈ પણ શું શકવાનું હતું? તેમ છતાં જો એ સમયે હું સામગ્રી હું ન આપું તો મારી નિષ્ઠામાં શંકા ઊભી થાય. તેમ છતાં જ્યારે એ સામગ્રી મેં તમને આપી ત્યારે તમારી એટલી ફરજ તો બનતી જ હતી કે મારી આપેલી સામગ્રીને કાં તો ખોટી છે તેમ ઠરાવવું, કાં તો એ સાચી હોય તો તમે શું કરવા ધારો છો અથવા શું કર્યું તે મને જણાવવું.

તો મારા પત્રનું તમે શું કર્યું અને મેં તમારી પાસે તમારી સૂચિત નવી સંસ્થાના બંધારણમાં જણાવેલી કલમો અન્વયે જે માગણીઓ કરી હતી તેનું શું થયું તે જાણવાની પ્રતીક્ષામાં છું.

**– મુનિ મિત્રાનંદસાગરના ધર્મલાભ**

### સમય ચિંતન

મૂર્ખાઓ જ્યારે જ્યારે બોલે છે ત્યારે ત્યારે તેમની મૂર્ખતા પ્રગટ થતી રહે છે. જ્ઞાનીઓ તો મૌન રહે તો પણ તેમનું જ્ઞાન સતત પ્રકાશ પાથરતું રહે છે.

મૂર્ખો વગર વિચાર્યે ધસી જાય છે, જ્ઞાની જોઈ વિચારીને કદમ મૂકે છે.

**– પ્રબુદ્ધ વચન**


### જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૧૦
સળંગ અંક ૩૪
જાન્યુઆરી, ૨૦૦૫

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

**અનુસંધાન પાન એકનું ચાલુ**

અંગે તદ્દન અંગૂઠાછાપ) એવા લોકોની ટોળકીને કહેવાનું કે સૂચિત મહાસંઘની રચના થયા પહેલાં જ તમારૂં ''પાણી'' મપાઈ ગયું છે. હવે તમારી બાંધી મુઠી (કેટલાની?) જળવાઈ રહે એ માટે, ભગવાનને ખાતર, મહેરબાની કરીને, તમે તમારા ઘરે બેસીને દરરોજ 'એકાદ સામાયિક કરવાનું ચાલુ કરી દેશો.' આટલું કરશો તોય ઘરબેઠાં જ ઘણી મોટી શાસનસેવા થઈ જશે.

આમ 'તમારી મરજી મુજબની' શાસનસેવા કરવા હાલી ન નીકળાય. ઉપલા ધોરણમાં દાખલ થવું હોય એણે નીચલા ધોરણમાં પાસ થયાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે. એમને એમ ઉપલા ધોરણમાં ઘૂસ મારી શકાતી નથી. સમજ્યા? તમે તો હજી તમારા જીવનમાં એકડોયે ઘૂંટી દેખાડ્યો નથી અને સીધા કોલેજમાં દાખલ થવાના ઉધામા કરો છો. તમને આમ કરતાં જરાયે શરમ નથી આવતી? સાચું ખોટું રામ જાણે, પણ મેં સાંભળ્યું છે એ સાચું હોય તો, પેલાં ગંગામાએ પોતાના લાલને કહી દીધું હતું : લે, તારાથી ધર્મની રક્ષા ન થતી હોય તો આ મારી ચૂડીઓ અને ઘાઘરી પહેરી લે.'

એક સમ્મેતશિખરને સાચવી શકતા નથી, એક વૃદ્ધ સાધુને શાંતિથી પાર પડવા દઈ શકતા નથી, સાધ્વીને પ્રેગ્નન્ટ કરનારા પંન્યાસોને હાંકી કાઢી શકતા નથી, સાધુના પાતરામાંથી ગોચરી આંચકી લેનારાને સંસ્થામાંથી લાત મારીને કાઢી મૂકી શકતા નથી, બાપનો માલ હોય એમ ધર્માદો ખાઈ જનારાને દરવાજો દેખાડી શકતા નથી, બે લાખનાં પુસ્તકોનું બિલ દસ લાખ દેખાડાય છતાં મિલીભગત બંધ કરાવી શકતા નથી, ભગવાનનાં સોનાચાંદી ઘરભેગાં કરનારાને લાફો ઠોકીને એ બધું ઓકાવી શકતા નથી, કોઈની પત્નીને વેશ્યા બનાવી દેનારા સાધુઓને આંગળી અડાડી શકતા નથી, ગાડીઓ, વિમાનો અને હેલીકોપ્ટરોમાં ઊડાઊડ કરીને મન ફાવે તેમ રખડી ખાનારાઓને પણ સાધુઓ માનવાનું ચાલુ રાખો છો, તેમના વરઘોડા કાઢો છો, તેમને પદવીઓ ઠઠાડી દઈને નવાજો છો, ત્યાગમાર્ગ એવા જૈનમાર્ગના અનુયાયી થઈને 'ઇન્કમ' ખાતર જે તે નપાવટ સાધુઓ સામે પૂંછડી પટપટાવો છો, બેશરમ બનીને પાવૈયાઓની જાનમાં સામેલ થાઓ છો - નાચો છો, છતાં શાસનની સેવા કરવાના તમારા ધખારા બંધ થતા નથી?

એક નાટક જોઈને ગુજરાતનો સૌથી નાલાયક પૂરવાર થયેલો રાજા અજયપાળ પણ શાસનવિરોધી કાર્યો કરતો બંધ થઈ ગયો હતો અને તમને તો હજાર હજાર શબ્દોનીયે કંઈ અસર પણ થતી નથી. તમે તો અજયપાળમાંથીયે ગયા.

ધરાર શાસનસેવા કરવી જ છે? પહેલાં ગંગામા જેવી કોઈ 'મરદ' માના પેટે જનમ લઈ લો, પછી શાસનસેવા કરવા નીકળી પડજો.

*જરા છાતીએ હાથ મૂકીને જવાબ આપશો? : સૂચિત ટ્રસ્ટબોર્ડમાં દરરોજ મિનિમમ એક સામાયિક કરનારા કેટલા?, જિનપૂજા વગર પાણી ન વાપરનારા કેટલા? રાત્રિભોજન ન કરનારા કેટલા? જૂઠ ન બોલનારા કેટલા? વ્યાપારમાં નીતિમત્તાવાળા કેટલા? સિનેમાના ત્યાગી કેટલા? બારમાંથી એકાદું વ્રત લીધું હોય એવા કેટલા? અભક્ષ્ય અને અનંતકાય જેના ઘરમાં પણ ન આવતાં હોય એવા કેટલા? પોતાના અને પારકા સમુદાયનો 'મનથીયે ભેદ ન રાખનારા' કેટલા? 'પરસ્ત્રી જેને માત રે' એવા કેટલા? છે કોઈ ભડ માણસ, જે મારા સવાલોના સચ્ચાઈભર્યા જવાબો આપે? એમ ને એમ 'શ્રાવકરત્ન' ન થઈ જવાય!!*

# આ પ્રશ્નોના જવાબો કોઈ પાસે છે?

જેની હજી વડીદીક્ષા જ થવાની બાકી છે તેવા અનંતાનંત મહાકાળાં કામો કરનારા વ્યભિચારશિરોમણિ શિવસાગર નામના સાધુ-વેષધારીને પંન્યાસ પદ પ્રસંગે આટલા પ્રશ્નોના જવાબો આપવાની કોઈની નૈતિક તાકાત છે?

શું આવા વ્યભિચારી સાધુવેષધારીને વડીદીક્ષા આપ્યા વગર ભગવતીજીનાં યોગોદ્વહન કરાવી શકાય?

જે આજની તારીખમાં નવકાર મંત્ર પણ શુદ્ધ ઉચ્ચાર સાથે બોલી શકવાની સ્થિતિમાં નથી તેવા આચાર્યે ભગવતીની સમગ્ર ક્રિયા કેવી રીતે કરાવી તે અંગે કોઈ ખુલાસો છે? વારંવાર શાસ્ત્રાધારો માગનારા, સિદ્ધાંતોની વાતો ફાડનારા, ભગવાનની આજ્ઞાની વાતો કરનારાને મારે એ જ પૂછવું છે કે વડીદીક્ષા આપ્યા વિના કોઈ સાધુવેષધારીને ભગવતીનાં યોગોદ્વહન કરાવવાની કયા શાસ્ત્રમાં આજ્ઞા છે? કયા સિદ્ધાંતના આધારે આવા માણસને પદવીદાન કરી શકાય? કયા ભગવાનની કઈ આજ્ઞાના આધારે તમે દુરાચારી સાધુને પદવી આપી શકો? આ રીતે અવિધિપૂર્વકની પદવીને કયા શાસ્ત્ર, સિદ્ધાંતના આધારે માન્યતા આપશો?

તમે તો શુદ્ધિપૂર્વક કશું જ બોલી શકવાની સ્થિતિમાં નથી એવા સંયોગોમાં કાલગ્રહણની પરમોચ્ચ પવિત્ર ક્રિયા કે જેમાં એક અક્ષરની અશુદ્ધિ પણ ક્ષંતવ્ય નથી એ તમે તમારા અનંતાનંત મહાદુરાચારી ચેલાને કેવી રીતે કરાવી? કાળપવેવા કોણે કર્યા? કેવી રીતે કર્યા? ઓછામાં ઓછા આચારાંગવાહી અન્ય મુનિના સહકારના અભાવે શિવસાગરને સો ડગલાં બહાર ગોચરી પાણી વગેરે કાર્યો કેવી રીતે થયાં? શું સો ડગલાં બહાર જવું ન પડે એ માટે ભગવતીનાં યોગોદ્વહનમાં સામે લાવેલાં ગોચરીપાણી લીધાં હશે? સામાન્ય સંજોગોમાં પણ સામે લાવેલાં ગોચરીપાણી નિષિદ્ધ હોય તો ભગવતી જેવાં યોગોદ્વહનમાં તેમ કરવું કલ્પે? જો કલ્પે તો કયા શાસ્ત્ર, સિદ્ધાંત કે કઈ ભગવાનની આજ્ઞાથી તે કલ્પે?

શું યોગોદ્વહનની કેટલીક ક્રિયાઓ સુમતિસાગરજી મહારાજની સહાયથી પાર પાડવામાં આવી હશે? વર્ષો સુધી સંયમસાગરના અનંતાનંત મહાઅનાચારના મૂકસાક્ષી રહેલા અને વાહનમાં વિહાર (!?) કરનારા તેમજ રાતોરાત દક્ષિણભારતમાંથી મુંબઈ ને મુંબઈથી ભિલાડ વાહનોમાં બેસીને પહોંચી ગયેલા એવા સુમતિસાગરજી મહારાજની સહાયથી કરાયેલી

/ કરાવાયેલી યોગોદ્વહનની ક્રિયાઓ વેલિડ ગણાય? જો હા, તો કયા શાસ્ત્ર, સિદ્ધાંત કે કયા ભગવાનની કઈ આજ્ઞાથી તે વેલિડ ગણાય? કોઈ સાધુ પોતાનાં જૂનાં ઉપકરણોને વિધિપૂર્વક (એટલે કે શાસ્ત્ર, સિદ્ધાંત અને ભગવાનની આજ્ઞા મુજબ) પરઠવવાના બદલે પોતે પોતાની જાતે (રિપિટ, પોતે પોતાની જાતે) દિવાસળી ચાંપીને સળગાવી દે એવા સાધુની મદદ લઈને કરાયેલું / કરાવાયેલું યોગોદ્વહન સંબંધી અનુષ્ઠાન કાયદેસરનું ગણાય? જો હા, તો કેવી રીતે? કયા શા. સિ. અને ભ.ની આ.થી તે થઈ શકે?

બે વરસ પૂર્વે અમદાવાદની અંકુર સોસાયટીમાં મોટા ઉપાડે યોગોદ્વહન કરવા તૈયાર થયેલા અને પછી ગંભીર કારણોસર બંધ રાખવા મજબૂર થયેલા, મોટા ઉપાડે પં.મો., ૨.ખ.ને ચિઠ્ઠી લઈને મોકલનારા અને અગમ્ય કારણોસર તેમાંથી પીછેહઠ કરનારા અનંતાનંત મહાજૂઠ-શિરોમણિ એવા શિવસાગરે ભાયંદરમાં ચોમાસું નક્કી કરીને ત્યાં યોગોદ્વહનનાં સપનાં સેવીને એકાએક બધો કાર્યક્રમ પડતો મૂકીને ભિલાડની સલામત ગુફામાં ચોરની જેમ ચુપચાપ યોગોદ્વહન કરી લેવા પાછળ કઈ મજબૂરી કામ કરી ગઈ?

શું શિવસાગર જેવા અનંતાનંત મહાઅનાચારીને પદપ્રદાન ન થયું હોત તો સાગર સમુદાય રસાતળ જવાનો હતો? શું જૈનશાસનનો અંત આવી જાત? જે શાસનમાં પદ ગ્રહણ કરવાના સાચા હક્કદાર એવા શ્રી જંબૂવિજયજી મહારાજા જેવા મહાઆગમધર પરમ બહુશ્રુત પણ પદની ખટપટથી દૂર રહે છે તે જિનશાસનમાં આવા અનંતાનંત મહાકલંકિત સાધુને પદવી લેવા માટેની આટલી બધી તાલાવેલી કેમ? કઈ લાયકાત? જીવનભર ભોળી જનતાને ડફોળ બનાવ્યા સિવાય બીજી કોઈ ધાડ મારી છે?

---

**કર્મસંજોગે 'દાઉદ જેવો માણસ' ભારતનો વડો પ્રધાન બની જાય એટલા માત્રથી એ નિરપરાધી પૂરવાર ન જ થઈ જાય! એને દેશ અને કાનૂનની લાચારી કહેવાય અને લઘુમતીમાં હોય એવા સજ્જનોની નિષ્ફળતા કહેવાય.**

**શિવસાગરને પદપ્રદાન એ એની નિર્દોષતાની સાબિતી નથી. સત્તા, ઘમંડ અને પૈસાની તાકાતનું એ નગ્ન પ્રદર્શન છે. એથી વિશેષ કશું નથી.**

---

*દુરાચારીઓના ઈશારે ધમકી આપનારા ભાઈ શ્રી તોડકાર, તમે કહેતા હતા ને કે હવે પછી એ સાધુઓની વિરુદ્ધમાં કંઈ પણ લખશો તો તમારા બાર વગાડી દઈશ. લો આ લખ્યું. હું પણ જોઉં કે બાર વગાડવાનો અર્થ શું થાય છે.*

# ગધેડા અને સિંહની વાર્તા મને મોકલનાર ઓ મુનિ, જરા મારો આટલો સંદેશો વાંચી લજો અને પડદા પાછળ રહીને દાળમાં કડછા હલાવવાનું બંધ કરી દેજો.

ગધેડા અને સિંહની હિંદી વાર્તા – કે જેમાં સિંહ ગધેડાનો ઘડોલાડવો કરી નાખે છે (નેચરલી એમ જ હોય) – ની કોપી મને *"વાંચવા અને તેમાંથી બોધ લેવા"* મોકલનારા મુનિવરને પૂછવાનું કે આમાં ગધેડો કોણ અને સિંહ કોણ એનો જરા ફોડ પાડશો?

જે પક્ષ દ્વારા જીવનભર તમારા ગુરુને મહામિથ્યાત્વી *(હા, મહામિથ્યાત્વી)* તરીકે ઓળખાવવામાં આવતા હતા અને ભરબપોરે સમુદાયમાંથી હાંકી કઢાયા હતા *(મારી માટે 'સમુદાયમાંથી ફેંકાઈ ગયેલો'નો ડાયલોગ બોલનારાઓ, જરા આંખો – અને મગજ હોય તો એ પણ – ખોલીને વાંચજો)* એના પક્ષમાં રાતોરાત કેમ બેસી જવું પડ્યું? તમારા ગુરુને ભરબપોરે સમુદાયમાંથી હાંકી કાઢવા પડે તેવું કયું મહાપાપ એમણે કર્યું હતું?

તમારા ગુરુભાઈએ તમારી અને તમારા ગુરુની સામી છાતીએ સાધ્વીને પ્રેગ્નન્ટ કરી ત્યારે તમે તેમને આવી કોઈ વાર્તા વાંચવા આપેલી? તમારા બીજા ગુરુભાઈના પ્રેમપત્રો પકડાઈ ગયેલા ત્યારે તમે એમને આવી કોઈ વાર્તા વાંચવા આપેલી? તમારા પોતાના ભાઈએ બીજા પરિવારમાં જઈને જાહેરમાં તમારા ભવાડા કરાવેલા *(તમારા ચેલાને ખાતર મહાવીરના સાધુઓએ સામસામી લાકડીઓ ઉડાડેલી એ બધું યાદ છે? કે પછી ભૂલી ગયા?)* ત્યારે તમે એને આવી કોઈ વાર્તા વાંચવા આપેલી? તમારા શિષ્યો *"સારૂં ચારિત્ર પાળવા માટે"* બીજા પરિવારમાં ચાલ્યા ગયા એમને આવી કોઈ વાર્તા વાંચવા આપેલી?

તમારા શિષ્યોને અને સગા ભાઈ *(કોઈક સમયે મુનિ અને હવે સંસારી)*ને સારૂં ચારિત્ર ન પળાવી શકેલા એવા તમે જરા તમારા પરિવારમાં ચારિત્રની સ્થાપના થાય એવું કંઈક કરશો? પેલા જતી બની ગયેલા તમારા બે ગુરુભાઈઓને જરા આવી કોઈ વાર્તા વાંચવા મોકલી આપજો ને!

તમારા ગુરુ અને દાદાગુરુને જેમ કોઈ જમાનામાં પૂર્વપશ્ચિમ હતું અને પછીથી એ વારસો તમારા શિષ્યમાં ઊતર્યો અને તમારા બન્ને વચ્ચે ઉંદર-બિલાડીની રમત ચાલતી હતી અને આજે પણ ચાલે છે. તો લોકોને રાગ-દ્વેષ બંધ કરવાના ઉપદેશો ઝાડવાના બદલે તમે બધા ભેગા મળીને અંદરોઅંદર બાર ભાયા ને તેર ચોકા જેવી રાગ-દ્વેષની અખાડાબાજી બંધ કરીને આવી કોઈક વાર્તાઓ *"વાંચીને અને તેમાંથી બોધ લઈને"* સન્માર્ગની સ્થાપના કરશો અને પર સમુદાયમાં સારૂં ચારિત્ર પાળવા ગયેલા તમારા શિષ્યોની ભાવનાને માન આપીને "સારૂં ચારિત્ર પાળશો" તો

**ગધેડાઓની પંચતંત્રીય વાર્તાઓથી જૈનશાસન ચાલતું નથી**

## *સિંહનાં સંતાનો તો જાતે મારણ કરે. એઓ કંઈ પોતાનું મગજ ગીરવે મૂકીને ચાલનારા ગાંધીનગરીયાઓને મારણ કરવા ન મોકલે.*

તમારી માટે વધારે સારૂં રહેશે.

પડદા પાછળ રહીને ઈર્ષ્યાથી ભડભડ બળીને વર્ષોથી રાજકારણ રમનારા ઓ મુનિવર, તર્કનો જવાબ તર્કથી હોય! ગધેડાઓની પંચતંત્રીય વાર્તાઓથી જૈનશાસન ચાલતું નથી. અહીં તો 'શાસ્ત્ર, સિદ્ધાંત અને ભગવાનની આજ્ઞા વિરુદ્ધ વર્તનારા' જમાલિ જેવા ભગવાનના સગા ભાણેજ અને જમાઈને પણ દરવાજા દેખાડી દેવાયા છે. જૈનશાસનના જવાબદાર પદ ઉપર બેઠેલાથી આ રીતે ભ્રષ્ટાચારીઓની બ્રીફ પકડી શકાય?

*હકીકતોનો સામનો ન કરી શકનારા અને સામી છાતીએ વાત કરવાથી થરથર ધ્રૂજનારા માટીપગા ભ્રષ્ટાચારીઓ અને તેમના પિઠ્ઠુઓ સમજી લે કે સરકારી લાગવગોનો ઉપયોગ જિનશાસનના હિતમાં કરવાનો હોય, મારી જેવાને ડરાવવા માટે અંગત લાભાર્થે ન કરવાનો હોય.* ***ભગવાનનો આભાર કે તમારી જેવા કાનૂનને તોડીને કુકર્મોમાં રાચનારાઓને છાવરીને જાણે મોટી ધાડ મારી હોય એમ સમાજમાં નફ્ફટાઈનું પ્રદર્શન કરનારાઓ સીધેસીધા સત્તામાં બેઠા નથી.***

સીદીભાઈને સીદકાં વહાલાં હોય એ સમજી શકાય એવું છે. અને સિંહનાં સંતાનો તો જાતે મારણ કરે. ગાંધીનગરીયા ગધેડાઓને મારણ કરવા ન મોકલે. હકીકતોનો સામનો ન કરી શકનારા અને સામી છાતીએ વાત કરવાથી થરથર ધ્રૂજનારા માટીપગા ભ્રષ્ટાચારીઓ અને તેમના પિઠ્ઠુઓ સમજી લે કે સરકારી લાગવગોનો ઉપયોગ જિનશાસનના હિતમાં કરવાનો હોય, મારી જેવાને ડરાવવા માટે અંગત લાભાર્થે ન કરવાનો હોય. ભગવાનનો આભાર કે તમારી જેવા કાનૂનને તોડીને કુકર્મોમાં રાચ-નારાઓને છાવરીને જાણે મોટી ધાડ મારી હોય એમ સમાજમાં નફ્ફટાઈનું પ્રદર્શન કરનારાઓ સીધે-સીધા સત્તામાં બેઠા નથી.

સાનમાં સમજાઈ ગયું? કે પછી મારે બધું ફોડ પાડીને લખવું પડશે?

તમારૂં નામ લખીને પોલિટિક્સથી ખદબદતા તમારા પરિવારમાં તમારા વિરોધીઓને રાજી થવાની તક આપવા દેવા માગતો નથી. તમારી અને મારી ખાનદાનીમાં એટલો ફરક તો હોય જ. મારા તરફથી આટલો બોધ કાફી થઈ પડશે કે પછી...

**– શુભેચ્છુ મિત્રાનંદસાગર**

---

## *તમારા ચેલાને ખાતર મહાવીરના સાધુઓએ સામસામી લાકડીઓ ઉડાડેલી એ બધું યાદ છે? કે પછી ભૂલી ગયા?*

---

# લોકોની સામે સત્ય પ્રકાશિત કરનારા અને પૂરવાર કરનારા મિત્રાનંદસાગરને જાહેર કે ખાનગીમાં શાબાશી ન આપો તો કંઈ નહીં, પણ હવે લોકોને ઊંઠાં ભણાવવાનું તો બંધ કરો!

'નિર્દોષ છે નિર્દોષ છે' નું વાજું વગાડે રાખનારાએ પહેલાં સંયમસાગર અને પ્રેમસાગરને બાપા કહીને છૂટા પાડવા પડ્યા. ગંદકીના ઠામમાં ગંદકી પડી જશે એમ માનનારાઓએ બે વરસ સુધી પોતાની રીતે – સામ, દામ, ભેદ અને દંડથી – બધું મેનેજ કરવાની કોશિશ કરે રાખી. દક્ષિણ ભારતમાં ભાગી છૂટેલા (અથવા તેમનાં પાપો ઢાંકવા ભગાડી દેવાયેલા) સંયમસાગરને થોડો વખત તો ત્યાં જલસા થઈ ગયા. પણ મારી એકધારી ઝુંબેશના પડઘા દક્ષિણ ભારતમાં પડ્યા ત્યારે ત્યાંના સત્યપ્રેમી જનોએ એમને 'કાં બાપ બતાડવાનું અથવા તો શ્રાદ્ધ કરવાનું' કહી દેતાં અકળાયેલા સંયમસાગરે પહેલાં તો મારી વિરુદ્ધમાં જેમ ફાવે તેમ બખાળા કર્યા. પણ આ તો દક્ષિણ ભારતની ખમીરવંતી ભૂમિ હતી. તેઓએ સાફ કહી દીધું કે તમે નિર્દોષ હો તો તમારે મિત્રાનંદસાગરજીની ચેલેન્જ ઉપાડી લેવી પડશે અને તમારી નિર્દોષતા સાબિત કરવી પડશે. આખરે એક આચાર્યના લાખો પ્રયત્નો છતાં સંયમસાગરને બચાવી શકાયા નહીં અને ત્યાંથી રાતોરાત હાંકી કઢાયેલા સંયમસાગર ચોવીસ કલાકમાં સીધા મુંબઈ પહોંચી ગયા. ચિંતાઓથી ઘેરાઈ ગયેલા સંયમસાગર તિકડમ કરીને રાજનેતાઓની જેમ હોસ્પિટલમાં ભરતી થઈ ગયા (વાહનમાં હરવા ફરવા નક્કર કારણો તો આપવાં જ પડે ને!). મુંબઈથી ભિલાડમાં તેમણે પગલાં પાડ્યાં. ત્યાં તેમની પાસેથી તેમના વર્ષો જૂના સાથીદાર શ્રી સુમતિસાગરજી મહારાજને છૂટા પાડી દેવાયા અને સંયમસાગરને રાતોરાત રસ્તે રખડતા કરી દેવાયા! દરવાજો દેખાડી દેવાયો! આ બધું શું પૂરવાર કરે છે? એ જ કે મિત્રાનંદસાગરની વાત એક કરોડ અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર વખત સાચી છે! ચાતુર્માસની ઓફિશિયલ યાદીમાંથી સંયમસાગર, પ્રેમસાગરનાં નામો કાયદેસર બાકાત કરી દેવાયાં. આ બધું શું પૂરવાર કરે છે? એ જ કે મિત્રાનંદસાગરની વાત એક કરોડ અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર વખત સાચી છે!

પાલિતાણામાં આરાધના કરવાના બદલે સંયમસાગરની દલાલી કરનારા 'ગુકા'ને એક આચાર્ય ભગવંતે રોકડું પરખાવી દીધું : *'મિત્રાનંદસાગર ખોટો હોય તો એને યોગ્ય રાહે બોધપાઠ શિખવાડી દો ને. આમ એમની પીઠ પાછળ બકવાસ કરવાથી કંઈ સંયમસાગર નિર્દોષ પૂરવાર નહીં થઈ જાય!'* હવે પ્રેમસાગર - સંયમસાગરને હાંકી કઢાયા પછી 'ગુકા'નો શો અભિપ્રાય છે તે જાણવા મળ્યું નથી! અને પેલા અસ્તકીર્તિ (ના ઓળખ્યા? સંડાસ, ઉકરડો, વિષ્ટા અને ગટરનું ઑબ્સેસન ધરાવનારા)ની બોલતી પણ બંધ! કેટલાક લોકોને કાંદા અને ફટકા બન્નેની સજા ભોગવવાની ચળ ઊપડતી હોય છે. એમાં આપણે લાચાર.

***સંયમસાગરાદિ ત્રણ સાઢુભાઈઓની વિરુદ્ધમાં* જય જિનેન્દ્ર *ના સ્પેશિયલ અંક નંબર સાડા બત્રીસમાં છપાયેલા જડબેસલાક પુરાવાઓ પૈકીના કેટલાક અંશો વાંચીને તો બધાંનાં હાજાં એવાં ગગડી ગયાં છે કે તેઓની ચમચાગીરી કરનારો કોઈ માણસ જવાબ આપવાની સ્થિતિમાં નથી રહ્યો!***

# હું ભલે પાગલ રહ્યો, 'તમે નથી' એટલું તો પૂરવાર કરો!

*'ઉનકા સ્વભાવ બડા વિચિત્ર હૈ, ઉનકા માઈન્ડ કામ નહીં કર રહા હૈ, ઉનકા નેચર હી ઐસા હૈ.'* વગેરે વગેરે વાતો સાંભળીને સ્વીકારી લેનારા (બરોબર વાંચશો, *વાતો કરનારા નહીં, સાંભળીને સ્વીકારી લેનારા*)ને કહેવાનું કે મારો સ્વભાવ ખરાબ છે, એ મારા સહિત ત્રણે કાળના જ્ઞાનીઓ જાણે જ છે, એટલે તો હજી સુધી મારો મોક્ષ ન થયો! મારૂં મગજ કામ નથી કરતું એ પણ જગજાહેર છે (મગજ હોય તો કામ કરે ને!). નેચર હી ઐસા હૈ, એ વાત તો 'સ્વભાવ બડા વિચિત્ર હૈ'માં આવી જ ગઈ! (હૈલ્લા, મગજ ન હોવા છતાં મને આ સમજાયું! બોલો!)...

પણ બિરાદરો, તમને બધાને, એટલે કે આ વાતો સાંભળીને પોતાનું દોઢસેરીયું ઉપરથી નીચે તરફ અને નીચેથી ઉપર તરફ હલાવનારાને તો મગજ હોવું જોઈએ કે નહીં? અરે ભાઈ, કોઈ એમને કહો તો ખરા કે *મિત્રાનંદસાગરના મગજને મારો ગોળી, એમના સ્વભાવને ચાંપો દિવાસળી, એમનો ખરાબ નેચર જાય ચૂલામાં,* પણ કાળાં કામો કરનારા તમારા પહેલા ખોળાના સાધુઓની વાત કરો ને! મિત્રાનંદસાગર ખરાબ છે. અરે ભાઈ, એક કરોડ વાર ખરાબ છે. પણ એટલા માત્રથી તમારા અનંતાનંત મહાભ્રષ્ટાચારી ચેલાઓ ગંગાસતી જેવા પૂરવાર ન થઈ જાય ને? અરે ઓ બુદ્ધિશાળીઓ, ન્યાયનું ત્રાજવું હાથમાં લેતાં પહેલાં જરા આંખે પાટો બાંધી લેશો?

*હાથીને ઠાર મારતાં પહેલાં કાયદેસર પાગલ ઠરાવવો પડે છે. પણ કેટલાક લોકોના કમનસીબે અને કેટલાક લોકોના સદ્‌ભાગ્યે મિત્રાનંદસાગર એ હાથી નથી!*

## જીતો રૂપિયા એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર રોકડા... કડકડતા

આટલા રૂપિયા જીતવા તમારે શું કરવાનું? સંયમસાગર, પ્રેમસાગર અને શિવસાગર એ ત્રણે સાધુઓ ઉપર મૂકેલા ચોથા વ્રતના ભંગના આક્ષેપો ખોટા છે એવું તમારે પૂરવાર કરવાનું. બસ, મહાલક્ષ્મીજી તમને ફૂલની માળા પહેરાવવા 'થનગન થનગન' થઈ રહ્યાં છે. લક્ષ્મીજી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય! એટલું યાદ રાખજો કે અમદાવાદના 'સંદેશ' (તા. ૧.૫.૨૦૦૩)માં આવેલી મારી ઐતિહાસિક (પચ્ચીસસો એકત્રીસ વરસના ઇતિહાસમાં કોઈએ ન આપી હોય એવી) ચેલેન્જ કોઈ માઈનો લાલ ઉપાડી શક્યો નથી! તે છતાં ફરી એક નવી તક! આજે જ ઝડપી લો.

કેવું પ્રમાણપત્ર માન્ય ગણાશે? હાઈકોર્ટ / સુપ્રિમકોર્ટે સત્તાવાર રીતે આપેલો ચુકાદો 'ચૂં કે ચાં કર્યા વિના' સ્વીકારી લેવામાં આવશે! અરે ભાઈ, હવે કોની રાહ જુઓ છો! આવી જાઓ મેદાનમાં. ઉપરોક્ત સાધુઓના કોઈ પણ શુભેચ્છક, ભક્ત, ચાહક, હિતેચ્છુ, સ્નેહી (ગાંધીનગરમાં બેસીને બબડાટ કરનારાઓ સહિત કોઈ પણ વ્યક્તિ) આ પડકાર ઝીલી લે! પૈસાની જરૂર તો કોને નથી હોતી?

સંદેશમાંની ઉપરોક્ત ચેલેન્જ વાંચવા ઇચ્છો છો? આજે જ http://www.jainshasan.com લોગઓન કરો અને Jay Jinendra Magazineમાં જઈને અંક નંબર ૧૪ ક્લિક કરો.

***મિત્રાનંદસાગરના 'મગજ'ની ચિંતા ન કરો, તમારા સગલાઓની 'નિર્દોષતા'ની ચિંતા કરો!***

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન (૯)

## ~~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~~

**છદ્મસ્થ**=અપૂર્ણ જ્ઞાનવાન આત્મા, જેને હજી કેવળજ્ઞાન નથી થયું તે, રાગ-દ્વેષથી યુક્ત હોય તે.

**જાતિસ્મરણ**=પૂર્વજન્મનું જ્ઞાન થવું, પૂર્વજન્મની સ્મૃતિ થવી.

**ઇચ્છકાર[૧]**=સ્વેચ્છાથી ગુર્વાજ્ઞા ગ્રહણ કરવી.

**ઇચ્છકાર[૨]**=દસ પૈકીની એ નામની એક સામાચારી – જેમાં અન્ય પાસે કોઈ કામ કરાવવા વિશિષ્ટ પ્રકારના વિવેકાદિ સાચવવાના હોય છે.

**ઇચ્છાકાર**=ઉપર મુજબ.

**સ્થાપનાજી**=અક્ષાદિ પદાર્થોમાં ગુરુની વિશિષ્ટ રીતની સ્થાપના.

**સ્થાપનાચાર્યજી**=ઉપર મુજબ.

**કુશીલ[૧]**=અયોગ્ય આચારવાળું, ખરાબ સ્વભાવવાળું.

**કુશીલ[૨]**=પુલાક આદિ પાંચ પ્રકારના સાધુઓ પૈકી શાસ્ત્રમાં જણાવ્યા મુજબ-નો દુષ્ટ આચારવાળો સાધુ.

**કાલમાસ**=મૃત્યુનો સમય, મરણવેળા.

**આનુપૂર્વી**=ક્રમસર આવતું હોય તેવું, એક પછી એકના ક્રમે આવે તેવું.

**પશ્ચાનુપૂર્વી**=અવળા ક્રમસર આવે તેવું.

**અનાનુપૂર્વી**=સીધા ક્રમે કે અવળા ક્રમે ન આવતાં આડા-અવળા ક્રમે આવે તેવું.

**નિર્વાણ**=આઠે કર્મોનો અંત થાય તેવું મૃત્યુ. મોક્ષગમન.

**મહાપર્યવસાન**=ઉપર મુજબ.

**વિદ્યાધર[૧]**=વિશિષ્ટ શક્તિઓ ધરાવનારો પુરુષ.

**વિદ્યાધર[૨]**=વૈતાઢ્ય પર્વત ઉપર આવેલી વિવિધ શ્રેણિઓ-માં રહેનારો વિશિષ્ટ શક્તિઓ ધરાવનારો પુરુષ.

**વજ્ર**=એ નામનું ઇન્દ્રનું શસ્ત્ર.

**સામાચારી**=અમુક ચોક્કસ રીતની નિશ્ચિત કરેલી આચારમર્યાદા.

**કલ્પ**=સાધુની આચારમર્યાદા.

**કિલામણા**=પીડા, દુઃખ, વેદના.

### શબ્દો અંગે વિશેષ નોંધ :

૧. જાતિસ્મરણ જ્ઞાન જેને થાય તેને ક્યારેક પૂર્વભવ, ક્યારેક તેનાથી આગળનો ભવ, ક્યારેક એક ભવ, ક્યારેક એકથી વધુ પૂર્વભવો તરતમતાએ દેખાય છે.

૨. ઇચ્છકાર (અથવા ઇચ્છાકાર) વગેરે દશવિધ સામાચારીઓ આ પ્રમાણે છે. ૧. ઇચ્છાકાર, ૨. મિચ્છાકાર, ૩. તથાકાર, ૪. આવશ્યિકી, ૫. નૈષેધિકી, ૬. આપૃચ્છના, ૭. પ્રતિપૃચ્છા, ૮. છંદના, ૯. નિમંત્રણા અને ૧૦. ઉપસંપદા.

૩. સ્થાપનાજી ગચ્છભેદે અલગ અલગ હોય છે. તપાગચ્છમાં અક્ષરૂપ સ્થાપનાજી હોય છે, અંચલગચ્છમાં મૂર્તિરૂપ સ્થાપનાજી હોય છે, પાયચંદ ગચ્છમાં તપાગચ્છ મુજબ જ સ્થાપનાજી હોય છે, ખરતર ગચ્છમાં સ્થાપનાજી તરીકે પાંચ મેરુનો ઉપયોગ કરાય છે.
   આકસ્મિક કારણ ઊભું થાય તો કોઈ પણ ધર્મોપકરણમાં તે સમય પૂરતા સ્થાપનાજી કલ્પી અને સ્થાપી શકાય છે.

૪. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ; એવો ક્રમ એ આનુપૂર્વી. સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, સિદ્ધ, અરિહંત; એવો ક્રમ એ પશ્ચાનુપૂર્વી અને અરિહંત, આચાર્ય, સિદ્ધ, ઉપાધ્યાય, સાધુ; એ રીતનો ક્રમ તે અનાનુપૂર્વી.

# જૈન દીક્ષા : મૂળ પદ્ધતિ કેવી હતી?

પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

: ૪ :

જૈન દીક્ષા અંગે આગમોમાં વિશિષ્ટ પ્રકારની પરિપાટીનો નિર્દેશ છે.

જેને દીક્ષા લેવાની ઇચ્છા થઈ હોય તે ગુરુ પાસે આવે. તે શા માટે દીક્ષા લેવા તૈયાર થયો છે તે જાણવા માટ ગુરુ તેને જાતજાતના ઊલટસૂલટ પ્રશ્નો પૂછીને તેના મનનો તાગ મેળવે. એ પછી પણ છ માસ સુધી ગુરુ તેની જુદી જુદી રીતે પરીક્ષા કરે. છ મહિનાની પરીક્ષામાં જો દીક્ષાર્થી વૈરાગ્ય, વિનય-વિવેક, સંસ્કાર, નિર્મળતા, સરળતા, આજ્ઞાપાલન વગેરે બાબતોમાં સમગ્રપણે ઉત્તીર્ણ થઈ જાય તો તે પછી ગુરુ તેને ચૈત્યવંદન, પ્રતિક્રમણાદિના સૂત્રોનું જ્ઞાન આપે.

પછી દીક્ષા માટે યોગ્ય બનેલા દીક્ષાર્થીની શુભ મુહૂર્ત વગેરે જોઈને નિશ્ચિત વિધિવિધાનો દ્વારા દીક્ષા થાય. આ મુહૂર્ત જોવાં વગેરે અને દીક્ષાવિધિની લાંબી ક્રિયાઓ વગેરે વ્યવહારનયથી જ છે. નિશ્ચયનયથી તો લાંબાં વિધિવિધાનો વિના પણ દીક્ષા થઈ શકે છે. પરંતુ એ પદ્ધતિ સર્વસામાન્ય નથી, કારણિક છે. બધા એ રીતે દીક્ષા આપવા માંડે તો શાસનમાં અવ્યવસ્થા સરજાય, ઘાલમેલ થાય અને દીક્ષાની બાબતમાં અંધાધુંધી ફેલાઈ જાય.

પૂર્વે દીક્ષાર્થીની પરીક્ષામાં તે સ્વેચ્છાએ દીક્ષા લેવા નીકળ્યો છે કે કોઈના દબાણથી નીકળ્યો છે, વૈરાગ્યથી દીક્ષા લેવા નીકળ્યો છે કે અન્ય કોઈ કારણસર દીક્ષા લેવા નીકળ્યો છે વગેરે બાબતો પણ ઝીણવટથી તપાસવામાં આવતી હતી. તેના કુળમાં કોઈએ દીક્ષા લીધી છે કે કેમ તે પણ જોવામાં આવતું હતું. જે ગુરુ પાસે તે દીક્ષા લેવા તૈયાર થયો હોય તેની પાસે જ તે શા માટે દીક્ષા લેવા ઇચ્છે છે વગેરે બાબતો પણ તપાસવામાં આવતી હતી.

**તમે શું માનો છો?** એવા શીર્ષક હેઠળ અમે એક પ્રશ્નાવલિ (અંક નં. ૩૧) રિલિઝ કરી હતી. જેમાં શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાનની રચના અંગે કેટલાક પ્રશ્નો અંગે અભિપ્રાયો વાચકો પાસે મંગાવવામાં આવ્યા હતા. અમે 'અલ્પવિરામ' શીર્ષક હેઠળના લેખ (અંક નં. ૩૨)માં જણાવ્યા મુજબ તે સંસ્થાના એક હોંશીલા આગેવાનની વિનંતી અને ભાવનાને માન આપીને સ્વૈચ્છિક રીતે વિરામ રાખ્યો હતો. એ અલ્પવિરામની અવધિ લંબાવવાનું કોઈ પ્રયોજન હવે દેખાતું નથી, તેમ છતાં અમે અમારા વાચકો તરફથી મળેલા અભિપ્રાયો આ અંકમાં લેવાની લાલચ રોકી રાખીએ છીએ. એને સંભવતઃ આગામી અંકમાં લેવાની ઇચ્છા ધરાવીએ છીએ.

– તંત્રી : જય જિનેન્દ્ર

# આપનું પુસ્તક મળ્યું...



## ■ ૨૪ તીર્થંકર

***લેખક :*** *પૂ. આ. શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.*
***પ્રકાશક :*** *પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન*
*બી ૩, રતનભવન એપાર્ટમેન્ટ, રામજીની શેરી*
*હનુમાન ચાર રસ્તા, ગોપીપુરા, સુરત ૩૯૫૦૦૨*
***મૂલ્ય :*** *૫૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૬+૨૫૦*

સિદ્ધહસ્તલેખક પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ દ્વારા લખાયેલા આ પુસ્તકમાં ૨૪ તીર્થંકર ભગવંતોનાં જીવનચરિત્રોનો સમાવેશ થાય છે. પ્રત્યેક તીર્થંકરના પૂર્વભવોનાં કથાનકો સહિત વિગતવાર જીવનચરિત્ર આપવાનો અહીં સ્તુત્ય પ્રયાસ કરાયો છે.

રસપ્રદ શૈલીમાં લખાયેલું આ જીવનચરિત્ર વાચકોને પકડી રાખે એવું છે.

દરેક તીર્થંકરના છેલ્લા ભવની સંકલિત ૪૮ વિવિધ માહિતીઓ દરેક જીવનચરિત્રના અંતે આપીને પુસ્તકને માહિતીની દૃષ્ટિએ પણ ઉપયોગી બનાવવાનો પ્રયત્ન કરાયો છે.

એક સૂચન કરવું ગમશે : જો આ જીવન-ચરિત્રની સાથે દેરાસરોમાં બેસાડવા માટે જે તે રાશિઓને અનુકૂળ ભગવાનોનું કોષ્ઠક ઉદાહરણો સાથે આપવામાં આવ્યું હોય તો પુસ્તકની આદેયતામાં ઓર વધારો થાય.

જો લેખકશ્રીને આ સૂચન પસંદ પડે તો અમે સૂચવેલી બાબત આગામી આવૃત્તિમાં ઉમેરી શકાય. કંઈક વિશિષ્ટ સામગ્રી આપવાથી જ જીવનચરિત્ર પ્રકારનાં પુસ્તકો, એ પ્રકારના સાહિત્યમાં માત્ર ઉમેરો ન બની રહેતાં અલગ પ્રકારનાં બની રહે છે.

## ■ ભગવાન શ્રી શાંતિનાથ

***લેખક - પ્રકાશક :*** *ઉપર મુજબ.*
***મૂલ્ય :*** *૪૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૮+૧૪૪*

લેખકે શ્રી શાંતિનાથ ભગવાનનું જીવનચરિત્ર પૂર્વભવોની વિગતો સાથે રજૂ કર્યું છે. સાત પ્રકરણોમાં લખાયેલું આ પુસ્તક સોળમા તીર્થંકર વિષે મોટા ભાગની માહિતીઓને આવરી લે છે.

રસપ્રદ શૈલીમાં લખાયેલું આ જીવનચરિત્ર વાચકોને પકડી રાખે એવું છે.

ઉપરનાં બન્ને પુસ્તકોની સાઈઝ, પાનાં અને બાઈન્ડિંગના મોટા તફાવતને ધ્યાનમાં લઈએ તો કિંમતનો તફાવત પણ વધારે હોવો જોઈતો હતો એમ સહેજે કહી શકાય.

## ■ રામને પ્રણામ

***લેખક - પ્રકાશક :*** *ઉપર મુજબ.*
***મૂલ્ય :*** *૧૫૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૮+૧૮૪*

નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા પરમ શાસનપ્રભાવક અને સમર્થ વ્યાખ્યાનકાર પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના જીવનમાંથી કેટલાક પ્રસંગો અહીં લેવાયા છે.

સદ્‌ગત આચાર્યશ્રીમાં શ્રદ્ધા રાખનાર વર્ગને પસંદ પડે તેવું પુસ્તક છે. જેને વિવિધ ચિત્રો દ્વારા આકર્ષક બનાવાયું છે.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૨

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## ૧૪ / ૧૫મા પાને પૂછેલા સવાલોના જવાબ આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** આ સ્પર્ધા માત્ર નોંધાયેલા મેમ્બરો પૂરતી જ હોવાથી લવાજમ ભરીને નોંધાયેલા સભ્યો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. ● સભ્ય ન બન્યા હોય તેમણે મોકલેલા ઉત્તરો ઉપર ધ્યાન આપવામાં નહીં આવે. ● સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ પણ મહિનાથી સભ્ય બની શકાય છે. ● સાદા કાગળ ઉપર સુવાચ્ય અક્ષરોમાં જવાબો મોકલી શકાય છે. ● અંકમાંથી પાનું ફાડીને મોકલવાની જરૂર નથી. ● છેકછાકવાળો જવાબ ખોટો ગણાશે. ● જવાબો મોકલનારે નીચે જણાવ્યા મુજબની વિગતો કાગળના મથાળે ડાબી બાજુએ સ્પષ્ટ અક્ષરે લખવી. આ વિગતો માત્ર ગુજરાતી અથવા હિંદીમાં જ લખવી. ● જવાબપત્રમાં નીચે જણાવેલી વિગતો અને જવાબોને બાદ કરતાં અન્ય કશું લખવું નહીં. ● એક વ્યક્તિ એક જ ઉત્તરપત્ર મોકલી શકશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી, ચોખવટો કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## ● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

નામ ______________________________

સરનામું ______________________________

______________________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________

જિલ્લો ____________________ ફોન નંબર ____________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ____________________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

તમારી એન્ટ્રી જાન્યુઆરી, ૨૦૦૫ની આખર તારીખ સુધી અમને મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઈનામોની જાહેરાત માર્ચ, ૨૦૦૫ના અંકમાં કરવામાં આવશે. ● **એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૧૨ લખવું જરૂરી છે.**

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૨

નિયમ ૧. દરેક પ્રશ્નનો જવાબ 'ચ' અથવા 'ચ'ની બારાખડીથી શરૂ થતો હોવો જોઈએ. ૨. એકનો એક જવાબ બીજી વાર ન આવવો જોઈએ. ૩. છેકછાકવાળો જવાબ ખોટો ગણવામાં આવશે.

૧. કેટલાંક બાવન જિનાલયો હોય છે, કેટલાંક .......... જિનાલયો હોય છે.
૨. સામાયિકમાં કટાસણું હોય કે ન હોય, .......... તો જોઈએ જ.
૩. મનુષ્યજન્મ વગેરે .......... બાબતોને જૈનશાસન ખૂબ દુર્લભ ગણાવે છે.
૪. દુનિયાનાં નવ મહાન તત્ત્વોમાં ..........નો સમાવેશ થાય છે.
૫. જેમ કરણસિત્તરી હોય છે તેમ .......... પણ હોય છે.
૬. વર્તમાન ચોવીસીના આઠમા ભગવાનનું નામ શું છે?
૭. ભગવાનનાં ચાર શાશ્વત નામો પૈકી એક નામ કયું છે?
૮. ચાર ગતિનો .......... પૂરો કરવો એટલે તો ભાઈસા'બ તોબા.
૯. કર્મના સંદર્ભમાં ચાર દર્શનો પૈકીનું એક દર્શન એટલે .......... દર્શન.
૧૦. વિચારધારાના સંદર્ભમાં છ દર્શન પૈકીનું એક દર્શન એટલે .......... દર્શન.
૧૧. પોતાની તીવ્ર બુદ્ધિ માટે પ્રખ્યાત થઈ ગયેલો એક મહાન નીતિવિશારદ.
૧૨. આ દુનિયા એટલે જડ અને ..........નું સામ્રાજ્ય.
૧૩. પિસ્તાલીસ આગમો પૈકીનું એક આગમસૂત્ર .......... પયન્ના.
૧૪. વિધિમાં બોલાતા પાર્શ્વનાથ ભગવાનના ચૈત્યવંદનનો પહેલો શબ્દ છે ...........
૧૫. આગમોમાં જેમ અધ્યયન, ઉદ્દેશક, શ્રુતસ્કંધ હોય છે તેમ 'આ' પણ હોય છે.
૧૬. .......... કસાયમુક્કો, ઇઅ અટ્ઠારસગુણેહિં સંજુત્તો.
૧૭. 'ઉપમિતિભવપ્રપંચા કથા'માં દરેક સંસારી આત્માનું .......... વણી લેવામાં આવ્યું છે.
૧૮. ધાર તલવારની સોહલી, દોહલી .......... જિનતણી ચરણસેવા.
૧૯. મહાન ગુરુઓના .......... પણ મહાન જ હોય એવું કંઈ નક્કી ન કહેવાય!
૨૦. એને જેમ દેરાસર કહેવાય તેમ એને .......... પણ કહેવાય.
૨૧. ભગવાન મહાવીરનાં ચરણોમાં ડંખ મારનાર સર્પનું નામ શું?
૨૨. ઉત્કૃષ્ટ પુણ્યવાળા મનુષ્યોમાં તીર્થંકર પછી આનો નંબર લાગે.
૨૩. તીર્થંકર ભગવંતોના અતિશયો કેટલા હોય છે?
૨૪. આઠમ અને ..........ના દિવસે તમને આયંબિલ કરવું ગમશે?
૨૫. કાર્તક સુ. ૧૪, ફાગણ સુ. ૧૪ અને અષાઢ સુ. ૧૪ના 'આ' પ્રતિક્રમણ કરાય.
૨૬. શીતલનાથ ભગવાન જે શિબિકામાં બેસી દીક્ષા લેવા નીકળ્યા તેનું નામ શું હતું?
૨૭. બાહુબલિ ઉપર શરતનો ભંગ કરીને કયું શસ્ત્ર ઉગામાયું હતું?

૨૮. આદિનાથ ભગવાનના શાસનની અધિષ્ઠાયિકા દેવી કોણ છે?
૨૯. જ્ઞાનના ખજાનાની દૃષ્ટિએ ભદ્રબાહુસ્વામીજીને શું કહેવાય?
૩૦. માનવજીવનને જ્ઞાનીઓ કયા મૂલ્યવાન રત્ન સાથે સરખાવે છે?
૩૧. કોને રાતના કડકડતી ઠંડી લાગતાં શીત પરીષહ સહન કરનારા મુનિની યાદ આવી ગઈ?
૩૨. કયો ઈન્દ્ર છેક સુધર્માસભા સુધી હાહાકાર મચાવવા પહોંચી ગયો?
૩૩. શ્રમણ ભગવાન મહાવીરનાં પ્રથમ સાધ્વી કોણ?
૩૫. પુંડરીકસ્વામીનો નિર્વાણદિવસ કયા મહિનામાં આવે છે?
૩૬. આગમો ઉપર જેમ વ્યાખ્યા, ભાષ્ય, અવચૂરિ હોય છે તેમ 'આ' પણ હોય છે.
૩૭. મહારાજ સાહેબ તમારે ત્યાં પર્યુષણ માટે આવે તો ગમે કે .......... માટે આવે તો ગમે?
૩૮. દૂરથી ઓઘા જેવું લાગે પણ ઓઘો નથી એવું છે?
૩૯. ઇન્દ્રિયોમાં ખૂટે છે કાન. એ જીવ કોણ છે?
૪૦. શ્રમણ ભગવાન મહાવીરના 'આ' મામાને તો તમે ઓળખો જ ને! એમાં શી નવાઈ!
૪૧. માનો કે તમે સાચા સાધુ-સાધ્વી-શ્રાવક કે શ્રાવિકા છો, તો તમારો સમાવેશ શેમાં થાય?
૪૨. દેરાસરમાં તમને 'આ' કરતાં આવડે? કે પછી એ કરવા માટે તમારે ચોપડી લેવી પડે?
૪૩. ભગવાનને ગુલાબ, મોગરો, મરવો વગેરે તો જાણે તમે ચડાવ્યાં. ક્યારેક 'આ' પણ ચડાવો ને!
૪૪. કલ્પસૂત્ર ધ્યાનથી સાંભળ્યું હતું? તો કહો કે કયા નક્ષત્રનું નામ તમારા કાને પડ્યું?
૪૫. જો તમને બધા જવાબ આવડે તો તમે ચાલાક છો, ચતુર છો અને સાથોસાથ તમે 'આ' પણ છો!

*જય જિનેન્દ્ર*માં અપાતી સ્પર્ધામાં નિયમિત હોંશેહોંશે ભાગ લેનારા પુણ્યવાનો માટે ખુશખબર! આ અમારો સળંગ ૩૪મો અંક છે. આગામી બે અંક પતે એટલે અમારો 'હેપી બર્થ ડે' આવશે! એની ઉજવણી માટે અમે તમારી માટે લાવી રહ્યા છીએ ફરી એકવાર ધમાકેદાર પરીક્ષા! પુસ્તકો જોવાનું ચાલુ કરી દો, જ્ઞાન મેળવવાનું ચાલુ કરી દો, હેલ્પલાઇનો અત્યારથી જ ફિક્સ કરી દો. દર વખત કરતાં વધારે ઇનામો, દર વખત કરતાં વધારે એક્સાઈટિંગ પરીક્ષા. પરીક્ષાના વિષયની જાહેરાત આવતા અંકે!

**જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૦ નો ઉકેલ**

૧. ગણધરોને / ૨. ગંધાર / ૩. ગોમુખ / ૪. ગવેષણા કરીને / ૫. ગોત્ર કર્મ / ૬. ગજપુર / ૭. ગજસુકુમાર / ૮. ગર્ભાપહાર / ૯. ગરુડોપપાત / ૧૦. ગમણાગમણે / ૧૧. ગર્દતોય / ૧૨. ગર્હા / ૧૩. ગિરનાર / ૧૪. ગંગા / ૧૫. ગંધર્વલિપિ / ૧૬. ગણિતલિપિ / ૧૭. ગાઉ / ૧૮. ગંધહસ્તી મહાભાષ્ય / ૧૯. ગાથા / ૨૦. ગુપ્તિઓ / ૨૧. ગોચરી / ૨૨. ગોશીર્ષ / ૨૩. ગીતાર્થ / ૨૪. ગુણસ્થાનક / ૨૫. ગાંભૂ / ૨૬. ગૌતમ / ૨૭. ગ્લાન / ૨૮. ગ્રહણ / ૨૯. ગોશાલક (ગોશાળો) / ૩૦. ગંભીરા.

■ ■ ■

જય જિનેન્દ્ર 'સ્વાધ્યાય સ્પર્ધા - ૧૦'ના વિજેતા :
અશોક માંગીલાલજી જૈન. શિવગંજ (રાજ.) તેમને ઇનામ રવાના કરી દેવાયું છે.

# આપનો પત્ર મળ્યો

‘હવે જૈનશાસનનો ધડાધડ અભ્યુદય થઈ જવાનો, જોજો ને’ (*જય જિનેન્દ્ર* અંક નં. ૩૧) એ લેખમાં જણાવેલા નામવાળી સંસ્થાઓનું અસ્તિત્વ છે કે કેમ? અને હોય તો તેના કાર્યકરોએ આજ સુધીમાં કંઈ રચનાત્મક કાર્ય કર્યું છે કે કેમ એ પ્રશ્ન પણ સાથોસાથ પૂછી લેવા જેવો હતો. સંસ્થાઓ સ્થાપી દેવી સહેલી છે પરંતુ તેનું નિષ્ઠાથી સંચાલન કરવું બહુ અઘરૂં છે. અને નિષ્ઠાવાન કાર્યકરો શોધવા એટલે ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું કપરૂં કાર્ય છે. એ લેખમાં ‘વૃદ્ધમુનિને સાચવી લેવાના બદલે તેને લાત મારીને પરાણે સંસારમાં રવાના કરનારા અને અઠવાડિયામાં જ તેના અપમૃત્યુનું કારણ બનનારા’ એવી જે વિગતો આપી છે તે ખરેખર એમ જ છે? જો એ એમ જ હોય તો *‘માનવતા સામે ગંભીર અપરાધ બદલ’* એવું કરનાર માણસ સામે કામ ચલાવીને તેની નશ્યત કરવી જોઈએ. પછી ભલે એ ગમે તેવો ચમરબંધી કેમ ન હોય. બીજું બધું ચલાવી લેવાય. પરિસ્થિતિથી લાચાર બનેલા ઘરડા સાધુનું અપમાન ન જ ચલાવી લેવાય.



**જિજ્ઞેશ આર. શાહ**
(સેટેલાઈટ, અમદાવાદ)

તમારા છાપાએ તો કમાલ કરી. આવું બિન્ધાસ્ત ડર્યા વિના લખવું એ જ અમને તો નવાઈ પ્રેરે છે. આટલા બધા પૈસાદાર માણસોની વિરુદ્ધમાં લખવું એ જેવું તેવું કામ તો નથી.

**મુંજાલાલ પોરવાડ** (નાગપુર)

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

અમાસના ઘોર અંધકારમાં પણ આકાશમાં ચમકતા તારલાને જોઈને પ્રકાશ માટેની આસ્થા જળવાઈ રહે છે.

●

**સ્પંદન**

પૃથવીને જે છત્ર પરે ધરે, મેરુનો કરે દંડ રે;
તેહ પણ ગયા હાથ ઘસતા, મૂકી સર્વ અખંડ રે.

– કવિરાજ શ્રી રૂપવિજયજી મ.

●

**ના હોય!**

‘હવે અસ્તકીર્તિ કોનો બચાવ કરવા મેદાને પડશે?’
‘પોતાનો!’

!! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad